## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૦૭/૦૮/૨૦૨૨ થી તા. ૧૩/૦૮/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

### (૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૮/૨૦૨૨ તા.૦૭/૦૮/૨૦૨૨ :-

તા-૦૭/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશન માં મીસીગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ બાબુભાઇ રમણભાઇ નાઓએ જણાવેલ કે સુરત રેલ્વે સ્ટેશન ઉપર નાઇટ સ્ટેશન ડ્યુટીના પોલીસ કર્મચારીઓને એક છોકરો તથા એક છોકરી મળી આવેલ જેઓને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરેલ હોવાનુ જણાવતા તેઓને મીસીગ ઓફીસમાં લાવી નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) પુજા ડો/ઓ અરૂણ જાતે નાહત ઉ. વ. ૧૭ ધંધો નોકરી રહે ગાવ ટુગા સાકીનાકા મુબંઇ તથા (૨) છોકરાનુ નામ સુભમ સ/ઓ પ્રકાશ જાતે સાહુ ઉ. વ. ૨૦ ધંધો કંટ્રકશન માં નોકરી રહે ગેટ નં ૯ સી.સી.આઇ ચર્ચ ગેટ મુબંઈ મો ન ૮૨૮૦૯૫૧૨૮૦ નાઓ તા ૦૬/૦૮/૨૨ ના રોજ ઘરેથી કોઇને જાણ કર્યા વગર લગ્ન કરવાના ઇરાદે ઘરેથી નીકળી અવધ એક્સ ટ્રેનમાં બેસી સુરત આવેલા હોવાનુ જણાવતા સદર છોકરીના માતાપિતાની પુછપરછ કરી સંપર્ક નંબર મેળવી ફોન કરતા છોકરીની માતા નામે પુષ્પાબેન નાઓએ જણાવેલ કે ગઇ કાલ નોકરી ઉપર ગયેલ અને સાંજે તેઓ ઘરે આવતા તેઓની દિકરી ઘરે ન હોવાથી તેઓએ તેઓના પરીવારમાં પુછપરછ કરતા તેઓની દિકરી પુજા મળી આવેલ નહી ત્યાર બાદ બાળકીના માતાએ દિકરી ગુમ થયા અંગેની જાણ કરવા મુબંઈ સાકીનાકા પોલીસ સ્ટેશનમાં ગયેલ તે વખતે સુરત રે.પો.સ્ટે.માંથી અમને ફોન કરી જણાવેલ કે તેઓની દિકરી સુરત પોલીસ સ્ટેશનમાં મળી આવેલ છે જેથી તેઓ મુબંઇથી આવી રહ્યા છે તેમ જણાવતા હોય બાદ સદર છોકરાના મતાપિતા અંગે પુછપરછ કરતા તેઓ ઓડીસા રહેતા હોય અને તેના મામા-મામી સુરત સચીન માં રહેતા હોય જેથી સદર છોકરાની મામી નામે નમિતા વા/ઓ બંશીધર જાતે પ્રધાન ઉ. વ. ૫૧ ધંધો ઘરકામ રહે ઘર નં ૧૭૯ સ્લમ બોર્ડ સચીન સુરત મુળ રહે ગામ ગંગાપુર થાના છત્રપુર જી ગંજામ ઓરીસ્સા મો ૯૭૨૫૫૨૫૩૨૩ નાઓ આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય પુરાવા મેળવી સદર છોકરાનો કબ્જો તેના મામી ને સોપવામાં આવેલ છે બાદ સદર બાળકીની મમ્મી નામે પુષ્પા વા/ઓ અરૂણ જાતે નાહત ઉ. વ. ૪૨ ધંધો નોકરી રહે ગાવ ટુગા સાકીનાકા મુબંઇ નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનનુ નિવેદન તથા યોગ્ય આધર પુરાવા મેળવી સદર છોકરીનો કબ્જો તેની મમ્મીને રૂબરૂમા સોંપવામા આવેલ છે.

### (૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૩/૨૦૨૨ તા.૦૭/૦૮/૨૦૨૨ :-

તા-૦૭/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫, તથા ચાઇલ્ડ લાઇન ટીમ ના સભ્ય નામે અસ્મીતા મુનિયા તથા એ.એસ.આઇ જયેશભાઇ ઉમાશંકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે જયેશભાઇના મિત્ર નામે અનિલભાઇનો ફોન આવેલ કે તેના મોટાભાઇનો દિકરો તથા તેના બે મિત્રો બાડમેર બાંદ્રા એક્સ ટ્રેનમાં બેસી ગયેલ છે અને સદર ટ્રેન સુરત આવવાની તૈયારીમા છે તેમ જણાવતા વુમન એ.એસ.આઇ. મનીષાબેન, ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય તથા સ્ટેશન ડ્યુટીના એ.એસ.આઇ જયેશભાઇ નાઓ સાથે સદર ટ્રેન ઉપર જઇ તપાસ કરતા ત્રણેય બાળકોને ઓનડ્યુટી ટી.ટી નાઓ પાસેથી ઉતારી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી બાળકોનુ નામ ઠામ પુછતા (૧) અમનસીગ સ/ઓ રાજમણી સીગ જાતે સીગ ઉ. વ. ૧૪ ધંધો અભ્યાસ રહે ઘર નં બી-૨૩ બાપુનગર હંસ કોલોની અમદાવાદ મુળ રહે ગામ રતનપુર પોસ્ટ પચલડી રતનપુર જી દેવરીયા ઉત્તરપ્રદેશ (૨) રૂપેશ સ/ઓ સંતોષ જાતે ત્રિપાઠી ઉ. વ. ૧૪ ધંધો અભ્યાસ રહે ઇંદીરા ગરીબનગર મહાકાલી મંદીર શીલાબસ સ્ટેશન અમદાવાદ (૩) ચરિત સ/ઓ સુનિલ જાતે રાજભર ઉ.વ. ૧૪ ધંધો અભ્યાસ રહે ઇંદીરા ગરીબ નગર બાપુ નગર અમદાવાદ વાળા જણાવે છે કે અમારા માતા પિતા અમને ફરવા લઇ જતા ન હોય જેથી ગઇ કાલે સુરત ફરવા જઇશુ તેમ નક્કી કરી આજરોજ ઘરેથી સવારના પાંચેક વાગે કોઇને જાણ કર્યા વગર નિકળી અમદાવાદ રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસી સુરત આવતા હતા તે દરમ્યાન ત્રણેય બળકો એકલા હોય ટી.ટી એ તેઓના વાલીવારસો વિશે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે અમો ઘરેથી ભાગીને આવેલ છીએ તેમ જણાવતા તેઓને સુરત રેલ્વે સ્ટેશન ઉતારી સુરત રે.પો.સ્ટે.મા લાવી પુછપરછ કરી તેના કાકા નામે અનિલકુમાર સ/ઓ...

...રામલાલસિહ જાતે સિહ ઉ.વ.૪૦ ધંધો નોકરી રહે ઘર નં ૩૬ કલ્પના નગર બસ ડેપો મકરપુરા વડોદરા મો નં ૯૮૭૯૧૮૨૩૬૧ ઉપર સંપર્ક કર્ી જાણ કરી તેઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓના નીવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર ત્રણેય બાળકોનો કબજો તેમના માતાપિતા સાથે વીડીયો કોલીંગમાં વાતચીત કરી બાળકોનો કબ્જો તેના કાકાને સોપવામાં આવેલ છે

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૯/૨૦૨૨ તા.૧૦/૦૮/૨૦૨૨ :-**

તા-૧૦/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ બાબુભાઇ મનસુખભાઇ નાઓએ જણાવેલ કે ટ્રેન નં ૧૯૪૮૪ બરૌની અમદાવાદ એક્સ.ના ટી.ટી. નામે એમ.આર ચૌધરી નાઓએ લેખીત મેમ્ા સાથે છોકરા, છોકરીન્ે સુરત રે.પો.સ્ટે.મા રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓએ બાળકને મીંસીગ ઓફીસમાં લાવી ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય કલાબેન બાવિસ્કાર નાઓને સાથે રાખી પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે અમો તા ૦૮/૦૮/૨૦૨૨ ના બપોરના ઘરેથી કોઇને જાણ કર્યા વગર લગ્ન કરવાના ઇરાદે નીકળી આવેલ હતા જે બાબતે સદર છોકરીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ લક્ષ્મીકુમારી ડો/ઓ શ્રીરામજુલસા જાતે શા ઉ.વ. ૧૫ ધંધો અભ્યાસ રહે ગામ મહારાજપુર થાના ખજોલી જી મધુબની રાજ્ય બિહાર વાળી જણાવેલ કે અમારા ગામમા રહેતા છોકરા નામે શ્યામકુમાર સ/ઓ તથેરસીગ જાતે મહ્ંતો ઉ.વ. ૧૫ ધંધો નોંકરી રહે ગામ મહેનાપતી થાના બાબુબરહી જી મધુવની રાજ્ય બિહાર વાળા સાથે આજથી બે વર્ષ પહેલા પ્રેમ સંબધ બંધાઇ ગયેલ હતો તે બાબતની જાણ તેના માતાપિતાને થતા તેઓએ ઠપકો આપતા તેની માતાને જણાવેલ કે તેના લગ્ન કરાવી દો જેથી તેના માતાપિતાએ ના પાડતા તેઓ ઘરેથી ભાગી આવેલ હોવાનુ જણાવતા સદર છોકરીના ભાઇ નામે લાલુરાજનો મો.નં. મેળવી સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે તે તેની બહેનને લેવા આવી રહ્યા છે જેથી સદર બાળકી ના વાલીવારસો ન આવે ત્યા સુધી બાળકીને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાંદેર સુરત ખાતે મુકવામાં આવેલ છે. બાદ તા ૧૨/૦૮/૨૦૨૨ ના રોજ છોકરીનો ભાઇ નામે લાલુ યાદવ નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી છકરીનો કબ્જો તેના ભાઇને સોપવામાં આવેલ છે.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૦/૨૦૨૨ તા.૧૩/૦૮/૨૦૨૨ :-**

તા-૧૩/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.માં મીસીંગ તુમારી કામ કરતા હતા તે વખતે પી.એસ.ઓ બાબુભાઇ મનસુખભાઇ નાઓએ જણાવેલ કે ટ્રેન નં ૧૯૪૮૪ બરૌની અમદાવાદ એક્સ ના ટીટી નામે એમ.આર ચૌધરી નાઓ એક લેખીત મેમો આપેલ છે જે બાબતે છોકરા છોકરી ની યોગ્ય કાર્યવાહી કરશો તેમ જણાવતા સદર છોકરાને મીસીગ ઓફીસમાં લાવી ચાઇલ્ડ લાઇન ટીમના સંભ્ય નામે કલાબેન બાવિસ્કાર નાઓને સાથે રાખી પુછપરછ કરતા તેને જણાવેલ કે હું તા ૦૮/૦૮/૨૦૨૨ ના બપોરના ઘરેથી કોઇને જાણ કર્યા વગર લગ્ન કરવાના ઇરાદે નીકળી આવેલ હતા જે બાબતે સદર છોકરાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ શ્યામકુમાર સ/ઓ તથેરસીગ જાતે મહ્ંતો ઉ.વ. ૧૫ ધંધો નોકરી રહે ગામ મહેનાપતી થાના બાબુબરહી જી મધુવની રાજ્ય બિહાર વાળાએ જણાવેલ કે હુ મારા ગામમા રહેતી છોકરી નામે લક્ષ્મીકુમારી ડો/ઓ શ્રીરામજુલસા જાતે શા ઉ. વ. ૧૫ નાઓ સાથે આજથી બે વર્ષ પહેલા પ્રેમ સંબધ બંધાઇ ગયેલ હતો તે બાબતની જાણ તેના માતાપિતાને થતા તેઓએ અમને ઠપકો આપતા અને તેના માતાપિતાએ જણાવેલ કે તેઓ બન્નેના લગ્ન અલગ અલગ જગ્યાએ કરવાના હોવાથી અમો ઘરેથી ભાગી આવેલ જે બાબતે છોકરની માતા સાથે મો.નંબર ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે તેઓ તેમના દિકારાને લેવા આવી રહ્યા છે તેમ જણાવતા સદર છોકરાના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામા આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૦/૨૦૨૨ તા.૧૩/૦૮/૨૦૨૨ :-**

તા-૧૩/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.પો.સ્ટે. મીસીંગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે ચાઇલ્ડ લાઇન ટીમ ના સંભ્ય નામે હેતલ રાઠોડ નાઓને ઉધના રેલ્વે સ્ટેશનેથી એક છોકરો મળી આવતા તેને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સુભાષકુમાર સ/ઓ ગણેશકુમાર ઉ.વ. ૧૬ ધંધો મજુરી રહે ગામ લકવાહી, મતેહીએ કલન બ્લાક મિહીરપુરવા જીલ્લા બહરઇચા ઉત્તરપ્રદેશ વાળો જણાવે છે કે તે તેના વતનથી મુંબઇ તેના ગામના લોકો સાથે કામ કરવા ગયેલ હતો ત્યા તેને ગમતુ ન હોવાથી તે તેના કાકાને જાણ કર્યા વગર મુંબઇથી તેના વતન જવા સારૂ એકલો નીકળી ઉધના રેલ્વે સ્ટેશન ઉપર બેસેલ હોય જેથી ફરજ પરના આર.પી.એફ. દ્વારા તેના વાલીવરસો વિશે પુછપરછ કરતા તેને સંતોષકારક જવાબ નહી આપતા આર.પી.એફ નાઓએ ચાઇલ્ડ લાઇન નંબર ઉપર ફોન કરી જાણ કરતા સદર છોકરાને સુરત રે.પો.સ્ટે.મા રજુ કરેલ હોય અને તેના ઘરે ફોન છે કે કેમ પુછતા તેને જણાવેલ કે અમારા ઘરે ફોન નથી જેથી તેના ગામના સંરપંચનો નંબર મેળવી મો.નં. ૯૬૭૦૩ ૨૯૦૪૦ ઉપર સંપર્ક કરતા તેઓનો મોબાઇલ સ્વીચ ઓફ આવતો હોય જેથી સદર છોકરાના વાલીવારસોનો સંપર્ક ન થાય ત્યા સુધી અસ્થાઇ આશ્રય માટે તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ ફોર બોઇઝ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૬) ભરૂચ રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૧૦૨ ૨૦૦૮૧/૨૨ NDPS Act, કલમ-૮ (સી), ૨૦ (બી ii) મુજબ તા. ૧૧/૦૮/૨૦૨૨ :-**

ભરૂચ રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૧૦૨ ૨૦૦૮૧/૨૨ NDPS Act, કલમ-૮ (સી), ૨૦ (બી ii) મુજબના ગુનામાં તા.૧૧/૦૮/૨૨ ના કલાક ૧૪/૪૦ વાગે અંકલેશ્વર રેલ્વે સ્ટેશન પ્લે.નં.૧ ઉપર આગળના ભાગે કોઇ અજાણ્યા ઇસમે પોતાના આર્થિક લાભ માટે ૧૪.૫૯૪ કિલોગ્રામ ગાંજો કિં.રૂા. ૧,૪૨,૩૮૦/-, પેકીંગ મટીરીયલની કિંમત રૂા.૦૦/- તથા ટ્રોલીબેગ કિંમત રૂા. ૫૦૦/- મળી કુલ કિંમત રૂા. ૧,૪૨,૮૮૦/- નો આયાત કરી પોલીસમા પકડાઇ જવાના ડરે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમા છોડી નાસી ગયેલ જે મળી આવતા ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા